વડીલોને વંદન અભિનંદન

નવનીતભાઈ કેશવલાલ શાહ
(૧૯૩૨)ફોન: ૨૩૨૬૦૦૩૭

ગોવિંદલાલ નટવરલાલ પરીખ
(૧૯૩૮)ફોન: ૨૬૮૫૪૦૬૪

બટુકરાય ગોરધનદાસ દસાડીયા
(૧૯૩૬)ફોન: ૨૩૨૨૫૦૧૦

કલ્પનાબેન ચંદ્રવદન મોદી
(૧૯૪૫)ફોન: ૨૩૨૨૫૧૫૨

૨૬મીએ ગુજરાતનો નકશો બદલાશે ૩૩ જિલ્લા અને ૨૪૫ તાલુકાનો પ્રદેશ

મહેકમ અને અન્ય કાર્યવાહી માટેનો રિપોર્ટ સબમીટ : સાત જિલ્લા કલેક્ટર-ડીડીઓ અને જિલ્લા પોલીસ વડાની નિયુક્તિ થશે

(ગૌતમ પુરોહિત)
ગાંધીનગર,તા.૪

ગુજરાતમાં પ્રજાસત્તાક દિન ૨૬મી જાન્યુઆરીએ સાત નવા જિલ્લા અને ૨૦ નવા તાલુકાનો ઉદય થતાં રાજ્ય ૩૩ જિલ્લા અને ૨૪૫ તાલુકાઓનો પ્રદેશ બનશે.

વિભાજન	નવો જિલ્લો
જૂનાગઢ	ગીર-સોમનાથ
ભાવનગર	બોટાદ
રાજકોટ	મોરબી
જામનગર	દ્વારકા
ખેડા	મહિસાગર
વડોદરા	છોટા ઉદેપુર
સાબરકાંઠા	અરવલ્લી

રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ચૂંટણી પહેલાં સાત જિલ્લાઓનું વિભાજન કરવાનો નિર્ણય લીધો હતો અને તેની કામગીરી ચીફ સેક્રેટરીના અધ્યક્ષપદે રચાયેલી એક સમિતિને સોંપી હતી, તેનો પ્રાથમિક રિપોર્ટ તૈયાર થઈ ચૂક્યો છે જેની ઉપર સીએમઓ આખરી મંજૂરી આપશે. ૨૬મીએ જાહેરાત થયા પછી નોટીફિકેશન ઈસ્યુ કરાશે.

૧૯૬૦માં દ્વિભાષી મુંબઈથી અલગ પડ્યા પછી ગુજરાત ૧૭ જિલ્લાનો પ્રદેશ હતો. ૧૯૬૪માં ગાંધીનગર જિલ્લાની રચના કરવામાં આવી હતી, ત્યારબાદ ૧૯૬૬માં વલસાડ નામનો નવો જિલ્લો રાજ્યમાં ઉમેરાયો હતો. ૧૯૯૭માં તત્કાલિન મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ એક સાથે છ નવા જિલ્લાની રચના કરીને રાજકીય ક્ષેત્રે હલચલ મચાવી દીધી હતી.

એ સમય ભાજપે એવું વચન આપ્યું હતું કે ગુજરાતમાં ભાજપની સરકાર આવશે તો શંકરસિંહે બનાવેલા નવા જિલ્લાની રચના રદ કરી દેવામાં આવશે, પરંતુ ૧૯૯૮માં સરકાર બન્યા પછી જિલ્લા તાલુકા વિભાજનનો નિર્ણય યથાવત રહ્યો હતો. શંકરસિંહના નિર્ણયના કારણે ગુજરાતમાં જિલ્લાઓની સંખ્યા ૧૯ થી વધીને ૨૫ થઈ હતી.

૨૦૦૧થી મોદી ગુજરાતમાં સત્તા ઉપર છે. તેમણે ૨૦૦૭માં તાપીને નવો જિલ્લો બનાવવાની જાહેરાત કરી હતી. આ સાથે હાલ રાજ્યમાં ૨૨૫ તાલુકા અને ૨૬ જિલ્લા અસ્તિત્વ ધરાવે છે.

૨૦૧૨ની ચૂંટણી પહેલાં મોદીએ જૂનાગઢનું વિભાજન કરીને ગીર-સોમનાથ, ભાવનગરમાંથી બોટાદ, રાજકોટમાંથી મોરબી, જામનગરમાંથી દ્વારકા, ખેડાન્માંથી મહિસાગર, વડોદરામાંથી છોટા ઉદેપુર તેમજ સાબરકાંઠાનું વિભાજન કરીને અરવલ્લી નામનો નવો જિલ્લો બનાવ્યો છે. જિલ્લાની સાથે તેમણે ૨૦ નવા તાલુકા પણ બનાવ્યા છે.

સચિવાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે નવા જિલ્લાઓમાં કલેક્ટર, ડીડીઓ, જિલ્લા પોલીસ વડા સહિતનો સ્ટાફ તેમજ તાલુકામાં ટીડીઓ સહિતનું મહેકમ ઉભું કરવાના આદેશ આપી દેવામાં આવ્યા છે. બીજી તરફ સાત નવી જિલ્લા પંચાયત તેમજ ૨૦ નવી તાલુકા પંચાયતો અસ્તિત્વમાં આવશે જેની સામાન્ય ચૂંટણીઓ કરવાની હોવાથી રાજ્ય ચૂંટણી પંચને વિભાજન કરવાનો તેમજ ચૂંટણી અંગેની કાર્યવાહી કરવાનો અહેવાલ મોકલવામાં આવશે.

૨૦ નવા તાલુકાઓ

વિંછીયા, જૂનાગઢ સિટી, ગીર ગઢડા, થાનગઢ, સરસ્વતી, શંખેશ્વર, સુઈગામ, ગલતેશ્વર, ફાગવેલ, વઘઈ, લાખણી, પોશીના, વાપી, નેત્રંગ, બોડેલી, છોટા ઉદેપુર, ખેરગાંવ, ધોલેરા, ગોઝારિયા અને જોટાણા

પ્રાંતિજના વણઝારા વાસ પાસેની રહેણાંક મકાનની સ્કીમ ઉભી કરાતા શાળા તરફનો માર્ગ બંધ

સ્થાનિકોમાં ભારે આક્રોશ

પ્રાંતિજ, તા. ૪

પ્રાંતિજના વણઝારા વાસ વિસ્તાર પાસે ખાનગી બિલ્ડરો દ્વારા નિર્માણ થઈ રહેલ રહેણાંક મકાનોની સ્કીમના કારણે વણઝારા વાસથી શાળા તરફનો માર્ગ બંધ થઈ જતા વિદ્યાર્થીઓ અને વાલીઓ સહિત વાહનચાલકો ભારે પરેશાન થઈ ગયા છે. અને સત્વરે આ મામલે તંત્ર દ્વારા યોગ્ય પગલા લઈ માર્ગ ખુલ્લો કરાવે તેવી સ્થાનિકો માંગ કરી રહ્યા છે.

પ્રાંતિજ તાલુકાના વણઝારા વાસ વિસ્તાર ખાનગી બિલ્ડરો દ્વારા રહેણાંક મકાનની સ્કીમનું કામ કરવામાં આવી રહ્યું છે. આથી નજીકમાં આવેલ શાળા તરફનો માર્ગ બંધ કરી નાખવામાં આવ્યો છે. પરિણામે શાળાએ જતા અને આવતા બાળકો તેમજ રાહદારીઓ અને વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. અને બે-ત્રણ કિ.મી. વધુનું અંતર કાપી શાળાએ જવું પડે છે. આથી વિદ્યાર્થીઓ અને વાલીઓ પણ રોષે ભરાયા છે અને તંત્ર દ્વારા સત્વરે આ મામલે યોગ્ય તપાસ કરી માર્ગને ખુલ્લો કરાવવા લોકમાંગ ઉઠવા પામી છે.

બરફથી ચાદર છવાઈ પ્રવાસી ઝૂમી ઉઠ્યા

હિલસ્ટેશન માઉન્ટ આબુ ઠંડુગાર બન્યું : શૂન્ય ડીગ્રી

ડીસા, તા. ૪

ગુજરાતની નજીકના રાજસ્થાનના હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં ઠંડી વધતાં તાપમાનનો પારો શૂન્ય ડીગ્રીએ પહોંચી ગયો છે. બે દિવસથી ઠંડુગાર બની ગયેલા આ હીલ સ્ટેશનના મેદાની ભાગોમાં વહેલી સવારે બરફની ચાદર છવાઈ જાય છે.

ગુજરાતી સહેલાણીઓના પ્રથમ પસંદગીના હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં છેલ્લા બેદિવસથી ઠંડીનો પારો ૦ ડીગ્રીએ પહોંચી ગયો છે. ખાસ કરીને સહેલાણીઓ વધુ પડતી ઠંડી અને બરફવર્ષાને માણવા શિયાળાની ઋતુમાં હિમાચલ પ્રદેશના કુલુ-મનાલી તેમજ શિમલા જેવા સ્થળોએ જવાનું પસંદ કરે છે. પરંતુ દૂર ના જઈ શકતા સહેલાણીઓ શૂન્ય ડિગ્રીના તાપમાનની મજા લેવા નજીકના માઉન્ટ આબુ જઈ રહ્યા છે. દિવસ દરમિયાન ૧૬ ડીગ્રીના તાપમાન પછી સૂર્યાસ્ત થતાં જ ઠંડીનો કાતિલ ચમકારો શરૂ થાય છે. અને ઠંડી માણવા આવેલા સહેલાણીઓ હોટલના રૂમોમાં ભરાઈને હિટર જેવા ઉપકરણો તેમજ ગરમ રજાઈ અને ધાબળાની માગણી કરે છે. રાત્રિનું તાપમાન ઠાર બિંદુએ પહોંચતા માઉન્ટ આબુની મધ્યમાં આવેલા પોલો ગ્રાઉન્ડ સહિત મેદાની વિસ્તારોમાં બરફની સફેદ ચાદર છવાઈ જાય છે. જ્યારે પાર્ક કરેલી ગાડીઓ ઉપર પણ બરફ જામી જાય છે.

ડીસાના લાલચાલી વિસ્તારમાંથી શહેર પોલીસે છ જુગારીયાઓ ઝડપ્યા

ડીસા, તા. ૪

ડીસાના લાલચાલી વિસ્તારમાં કેટલાક ઈસમો જુગાર રમતા હોવાની બાતમી મળતા શહેર પોલીસ ડી સ્ટાફે ગુનાવાળી જગ્યાએ દરોડો પાડ્યો હતો. જેમાં પોલીસે છ જુગારીયાઓ અંદાજીત ૨૦ હજારથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી પાડી તમામ વિરૂધ્ધ જુગારધારા અન્વયે ગુનો દાખલ કર્યો હતો.

આ અંગેની પ્રાપ્ત વિગતો જોતા ડીસા શહેર પોલીસ ઈન્સપેક્ટર આર.એમ. ભદોરીયાને ખાનગી રાહે બાતમી મળેલ કે કેટલાક ઈસમો રહેણાંક વિસ્તારમાં જુગાર રમી રહ્યા છે. જે આધારે તેઓની સુચના મળતા ડી સ્ટાફના એ.એસ.આઈ. મણીભાઈ પરમાર, જશુભા, તેમજ પો.કો. મુકેશભાઈ અને હસમુખભાઈ પરમાર વિગેરે દ્વારા પંચો રૂબરૂ ગુનાવાળી જગ્યાએ દરોડો પાડ્યો હતો. જ્યા છ ઈસમો જુગાર રમતા રંગેહાથ ઝડપાયા હતાં. પોલીસની પ્રાથમિક તપાસમાં ઝડપાયેલા ઈસમો સુરેશ તુલસીભાઈ ઠાકોર રહે. ભોયણ તા. ડીસા, કનુભાઈ અમરતભાઈ ઠાકોર રહે. લાલચાલી, ડીસા., જશવંતભાઈ શાંતુભા વાઘેલા રહે. મોટીભાખર તા. પાલનપુર., ભુપેન્દ્રસીંહ હેમસીંહ વાઘેલા રહે. મોટીભાખર, તા. પાલનપુર, માસુસીંહ શીવસીંહ વાઘેલા રહે. નાનીભાખર તા. પાલનપુર, તેમજ હરીસીંહ દાદસીંહ વાઘેલા રહે. નાનીભાખર, તા. પાલનપુરવાળાઓ હોવાનું બહાર આવ્યું હતું.

ઈસમોના કબજામાંથી જુગાર સાહિત્ય અને રોકડ રકમ રૂપિયા ૧૬,૨૬૦ તેમજ મોબાઈલ નંગ ૪ કીંમત રૂપિયા ૪૫૦૦ સહીત કુલ રૂપિયા ૨૦,૭૬૦નો મુદ્દામાલ તપાસ અર્થે પોલીસે કબજે કરેલ છે. આ મામલે એ.એસ.આઈ. મણીલાલ પરમારે તમામ વિરૂધ્ધ ડીસા શહેર પોલીસે જુગાર ધારા અન્વયે ગુનો દાખલ કરેલ છે. જેનાંથી જુગાર રમતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપેલ છે.

હિંમતનગરમાં બે મકાનના તાળાં તુટ્યા : ૫૬ હજારની મતા ચોરાઈ

હિંમતનગર, તા. ૪

સાબરકાંઠાના મુખ્યમથક હિંમતનગર ખાતે મોડીરાત્રી દરમિયાન બે અલગ-અલગ સ્થળોએ તસ્કરોએ ત્રાટકી બે મકાનને નિશાન બનાવી ગયા હતા. જે અંગે હિંમતનગર ટાઉન પોલીસમથકે ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાપ્ત વિગતો મુજબ હિંમતનગરના પોલો ગ્રાઉન્ડ વિસ્તારની ઋષભદેવ સોસાયટીમાં ભરતભાઈ ડાહ્યાભાઈ પંચાલના બંધ મકાન નં. ૧૫માં તસ્કરોએ નિશાન બનાવી ઘરના તાળા તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને અંદર પડેલી તિજોરી તોડી ૬ હજાર રૂપિયા રોકડા લઈ ગયા હતા.

બીજી તરફ હાજીપુરા વિસ્તારમાં આવેલ મોટી વહોરવાડની રાણાવડીયા ફળીમાં મહમદ હનીફ દોસ્તમહમદ વડાલીવાળાના બંધ મકાનમાં તસ્કરોએ ત્રાટકી તાળુ તોડી અંદર પ્રવેશીને લાકડાના કબાટ તોડી અને પેટીઓ ખોલી તેમાંથી સોના ચાંદીના દાગીના અને રોકડ સહિત કુલ રૂ. ૪૯ હજાર ૮૦૦ની મતાની ચોરી કરી લઈ ગયા હતા. આ અંગે પોલીસે અલગ અલગ બનાવ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કડોલી ગામની સીમમાં સર્જાયેલ માર્ગ અકસ્માતમાં એકનું મોત

હિંમતનગર, તા. ૪

હિંમતનગર તાલુકાના કડોલી ગામની સીમમાં એક ટ્રેક્ટર ચાલકે પુરઝડપે બેદરકારી ગફલતભરી રીતે ચલાવી સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી ટ્રેક્ટરને રોડની સાઈડમાં આવેલ ચોકડીમાં ઉતારી દેતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રેક્ટર ચાલકનું મોત નિપજ્યું હતું. હિંમતનગર ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગતરોજ બપોરના સુમારે કડોલી ગામના રોડ પર ટ્રેક્ટર નં. જીજે-૯-એ.એફ.-૮૯૯૮ ગોવિંદભાઈ સુખદેવભાઈ ખારવા ટ્રેક્ટરને પુરઝડપે ગફલતભરી રીતે ચલાવતા હતા. ત્યારે અચાનક સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી બેસતા ગોવિંદભાઈએ ટ્રેક્ટરને રોડની સાઈડમાં આવેલી ચોકડીમાં ઉતારી દીધું હતું. આ અકસ્માતમાં ગોવિંદભાઈ અને પાછળ ટોલીમાં બેઠેલાઓને ગંભીર ઈજા પહોંચી હતી.જેમાં ગોવિંદભાઈ કારવાનું મોત નિપજ્યું હતું. અન્ય ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ઘટના સંદર્ભે ચંદુભાઈ ગણપતભાઈ ખારવાએ હિંમતનગર ગ્રામ્ય પોલીસે ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ. જે.જી. ઝાલાએ ગુનો નોંધી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

હિંમતનગર પોલીસે ઠગાઈનો આરોપી પકડ્યો

હિંમતનગર, તા. ૪

હિંમતનગર ટાઉન પોલીસ સ્ટેશનનો ઠગાઈનો આરોપી જે ઘણા સમયથી નાસતો ફરતો હતો તેને ઝડપી પાડી હિંમતનગર ટાઉન પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે. મારૂતિ જેન જી.જે.૮-એ-૯૩૨૧ ગાડીના પેપર ટ્રાન્સફર કરવા બાબતે રાજેશ ઉર્ફે રાજુ હીરાભાઈ ગરવા (ગરો) રહે. વીડડા, તા. માંડવી, જી. કચ્છએ ખોટા દસ્તાવેજો ઉભા કરી નો ડેયુ શર્ટીફિકેટ અને સહી સિક્કા સાથેના દસ્તાવેજો પોતાના અંગત કામ અર્થે બનાવી પૂર્વ યોજીત કાવતરૂ રચી ઠગાઈ કરી હતી. જેની ફરિયાદ તા. ૮ મે ૨૦૦૪ના રોજ નોંધાઈ હતી. ત્યારબાદ આરોપી નાસતો ફરતો હતો. જેને પોલીસે ગતરોજ બપોરના સુમારે હિંમતનગરથી ઝડપી પાડી ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

નાણા વિભાગના અધિક સચિવ તરીકે સંજીવકુમારની નિમણુંક

ગાંધીનગર, તા.૪

અધિક મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે ફરજ બજાવતા સનદી અધિકારી સંજીવ કુમારની બદલી કરીને તેમને નાણા વિભાગના અધિક સચિવ તરીકે નિમણુંક આપવામાં આવી છે. આ ઉપરાંત અધિક મુખ્ય ચૂંટણી અધિકારી તરીકેનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે.

સમગ્ર રાજયમાં ૧ થી ૨૮ ફેબ્રુઆરી-૧૩ દરમિયાન છઠ્ઠી આર્થિક ગણતરી-૨૦૧૨-૧૩ની કામગીરી હાથ ધરવામાં આવશે

ગાંધીનગર, તા.૪

ભારત સરકારના આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય, નવી દિલ્હીની સુચનાનુસાર સમગ્ર દેશમાં છઠ્ઠી આર્થિક ગણતરીની રાષ્ટ્રીય કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જેમાં ગુજરાત રાજ્ય પણ સહભાગી થયેલ છે.

ભારત સરકાર દ્વારા હાથ ધરવામાં આવતી આર્થિક ગણતરી એ દેશની ભૌગોલિક સરહદોમાં સ્થિત તમામ ઉદ્યોગધંધાઓની સત્તાવાર ગણતરી છે. જે ખાસ કરીને અસંગઠિત ક્ષેત્રના બિન ખેતી વિષયક ઉદ્યોગ ધંધાઓની માહિતી એકત્ર કરવા માટેનું માળખું પુરું પાડે છે.

આ ગણતરી ભારતના તમામ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લેતા ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં દરેક ઘરો, દુકાનો, કારખાનાઓ, કંપનીઓ, સંસ્થાઓ વગેરેની મુલાકાત લઈ ઘરયાદી દ્વારા ઉદ્યોગધંધાઓની આર્થિક પ્રવૃત્તિ ઓળખી તે અંગેની માહિતી એકત્ર કરવામાં આવશે. રાજયના ઔદ્યોગિક આયોજન/વિકાસના સંદર્ભમાં આ માહિતી ઘણી ઉપયોગી થઈ પડશે. આ કામગીરી ભારતની વસ્તી ગણતરી પ્રમાણે હાથ ધરવામાં આવશે. સમગ્ર કામગીરી માટે ૩૭૨૦૪ ગણતરીદારો અને ૧૮૬૦૩ નિરીક્ષકો કામગીરી સંભાળશે.

જેના અનુસંધાને છઠ્ઠી આર્થિક ગણતરી ૨૦૧૨-૧૩ના રાજયકક્ષાનો તાલીમવર્ગ તા. ૮ થી ૧૧ જાન્યુઆરી ૨૦૧૩ દરમિયાન નિયામકશ્રી અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અધ્યક્ષસ્થાને ઉદયભાણસિંહજી ક્ષેત્રિય સહકારી પ્રબંધ સંસ્થાન સે-૩૦ ગાંધીનગર ખાતે યોજાનાર છે. જેમાં રાજયના તમામ જિલ્લાના જિલ્લા આંકડા અધિકારીશ્રીઓ ભાગ લેશે. કેન્દ્રીય આંકડાકીય કચેરી, ભારત સરકારના અધિકારીશ્રીઓ આ તાલીમમાં હાજર રહી તાંત્રિક માર્ગદર્શન આપશે. જેઓ અત્રેથી તાલીમ લઈ જિલ્લા/તાલુકા/શહેર કક્ષાએ ગણતરીદારો/નિરીક્ષકોને તાલીમ આપશે. આ ગણતરીમાં સૌ પ્રથમ વાર હસ્તકલા/હાથવણાટના ધંધાઓની ગણતરી કરવાની હોઈ તે અંગે ક્રાફટ ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડિયા, ચેન્નઈ, તમિલનાડુના અધિકારી પણ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

સાબરકાંઠા જિલ્લાના ૬,૯૮,૮૧૨ બાળકોની આરોગ્ય તપાસણી કરાશે

હિંમતનગર, તા.૪

ગુજરાત સરકારના શાખા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી સાબરકાંઠા જિલ્લા પંચાયત, હિંમતનગરના સીધા માર્ગદર્શન હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧ થી તા. ૧૨-૩-૨૦૧૩ દરમિયાન જિલ્લાના ૧૮ વર્ષની ઉંમર સુધીના શાળાએ જતા તેમજ ન જતા તમામ ૬,૯૮,૮૧૨ બાળકોની આરોગ્ય તપાસણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં દરેક ગામે સોમવારથી શુક્રવાર સુધી પાંચ દિવસના કાર્યક્રમ મુજબ પ્રથમ દિવસે ગ્રામ પંચાયતના સહયોગથી શાળા, હાઈસ્કુલ અને આંગણવાડી કેન્દ્રની સાફ સફાઈ, પાણીના સ્ત્રોત અને ગટરની સાફ સફાઈ તેમજ વન પર્યાવરણના સહયોગથી ઔષધિય વૃક્ષારોપણ કાર્યક્રમ, બીજા દિવસે બાળકોની નોંધણી, આરોગ્ય કર્મચારીશ્રી દ્વારા આરોગ્ય તપાસ તેમજ ગામમાં રેલી, સાંસ્કૃતિક કાર્યક્રમ ભવાઈ દ્વારા લોક જાગૃતિ ઉભી કરવી. ત્રીજા દિવસે મમતા દિવસ સહિત આરોગ્યની વિવિધ હરિફાઈઓ અને દાદા-દાદી મીટીંગ કરવામાં આવશે. ચોથા દિવસે તબીબી અધિકારીશ્રી દ્વારા બાળકોની આરોગ્ય તપાસ અને વાલી મીટીંગ ભરી બાળકોના આરોગ્ય બાબતે ચર્ચા કરી આરોગ્ય શિક્ષણ આપવામાં આવશે તેમજ પાંચમા દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમો, ઈનામ વિતરણ સાથે પૂર્ણાહુતિ કરવામાં આવશે.

વધુમાં સ્થળ ઉપર સામાન્ય રોગની સારવાર આપવામાં આવશે. અને હૃદય, કિડની, કેન્સર, થેલેસેમીયા જેવા ગંભીર રોગો માટે બાળકને અમદાવાદ રીફર કરી જરૂર જણાયે ઓપરેશન સહીતની પણ તમામ સારવાર મફત આપવામાં આવશે.

ટ્રકસની કતાર.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દિવસો જ બાકી રહ્યા હોવાથી ટ્રેડ શૉ માટે સાધન સામગ્રી પહોંચાડવા પણ તડામાર કામ હાથ ધરાયું છે. પ્રદર્શનને અનુલક્ષી વિવિધ પ્રકારની પ્લેટસ, એંગ્લસ, પત્થરો, પ્લાયવુડ, ખુરશીઓ તેમજ કુંડા સહિતની સાધન સામગ્રી ઉતારવા શહેરના માર્ગો પર વાઈબ્રન્ટ ગ્લોબલ સમિટના પોસ્ટર્સ ચિપકાવેલી ટ્રકસનો ધમધમાટ જોવા મળે છે. જો કે ભારે વાહનો માટે 'ઘ' અને 'ચ' માર્ગ પર પ્રતિબંધ છે. પરંતુ ગ્લોબલ સમિટને લઈ ચાલતી તૈયારી વેળાએ જરુરી સામગ્રી ઉતારવા બેરોકટોક અવર જવર થઈ શકે તે માટે ટ્રક પર ગ્લોબલ સમિટના પોસ્ટર્સ પણ ચિપકાવેલા જોવા મળે છે. ટાઉનહોલ સામેના સર્વિસ રોડ પર અનલોડ થતી ટ્રકસ પણ જોવા મળે છે.

વાઈ-ફાઈ-એનેબલ્ડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનુભવમાં વૃદ્ધિ કરશે. ૨૭૦૦થી વધુ લોકોએ મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરી છે. આ વખતે પ્રથમવાર ૪૨૦૦થી વધારે બી ટુ બી-બિઝનેસ ટુ બિઝનેસ અને ૩૫૦ થી વધુ બી ટુ જી- બિઝનેસ ટુ ગવર્નમેન્ટ બેઠકોનું આયોજન કરવામાં આવ્યું છે.

વાયબ્રન્ટમાં ઉપસ્થિત રહેનાર પ્રત્યેક ડેલિગેટ્સ તેમની નેટબુક્સ, ટેબલેટ, બિઝનેસ ફોન અને લેપટોપમાં હાઈસ્પીડ ઈન્ટરનેટનો સરળતાથી ઉપયોગ કરી શકશે. રજીસ્ટ્રેશન થી લઈને બિઝનેસ બેઠકો અને મૂડીરોકાણના કરારને અદ્યતન ટેકનોલોજી સાથે સાંકળી લેવાથી મિડીયાને ખૂબ જ ઝડપથી માહિતી પ્રાપ્ય બની રહેશે.

૨૦૧૧ના વાયબ્રન્ટ સમિટમાં મુખ્યમંત્રીએ ઈન્વેસ્ટર ફેસિલિટેશન પોર્ટલ લોન્ચ કર્યું હતું જેનો ઉદ્દેશ રોકાણકારોને એકબારી પદ્ધતિથી સુગમતા પુરી પાડવાનો હતો. ઉદ્યોગ કમિશનરેટ દ્વારા આ પોર્ટલ રોકાણકારોને સરકારી નિતીઓ, પ્રોત્સાહક યોજનાઓ અને માળખાકીય સુવિધાઓ પૂરી પાડશે.

બાન મૂકો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શ્રી રાઠોડે જણાવ્યું હતું કે વિકાસના કામો એ અમારું લક્ષ્ય છે અમે વિવાદમાં માનતા નથી પરંતુ સરકાર જ તેના નિયમોનું પાલન કરાવે એવો આગ્રહ ચોકકસ કરીએ છીએ.

જિલ્લામાં સાબરમતી, મેશ્વો, ખારીના પટમાંથી રેતીનું વહન કરવામાં આવે છે. લગભગ ૨૮થી વધુ ગ્રામીણ માર્ગો આ સાથે સંકળાયેલા છે. ત્યારે તે ગામોની સમસ્યા ઉકલે તે અમારું લક્ષ્ય છે. પાકા માર્ગ પછી પણ ખાડા-ખૈયા વાળો રસ્તો એ વિકાસની સાચી ઓળખ નથી.

શ્રી રાઠોડને સમિતિના અન્ય નિર્ણયો બાબતે પુછતાં તેમણે જણાવ્યું હતું કે બે માર્ગોના કામ નિયત સમય મર્યાદામાં પૂર્ણ નહિ કરવા માટે પરફેકટ કન્સ્ટ્રકશન કંપની પાસેથી પેનલ્ટી વસુલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે તેમજ આ કંપનીને જરૂર પડયે બ્લેક લિસ્ટ કરવા માટે પણ ભલામણ કરવામાં આવી છે. નિયત સમય મર્યાદામાં એજન્સી દ્વારા કામ પૂર્ણ કરવામાં નહિ આવતાં દંડ વસુલવાનો મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

ગાંધીનગર જિલ્લામાં નવા જોબ નંબરો માટે સરકારને વિવિધ માર્ગોના કામોની દરખાસ્ત મોકલવામાં આવી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

કાતિલ ઠંડી.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધીનગર શહેરની આસપાસના ગ્રામ્યવિસ્તારોમાં ઠંડીના તીવ્ર મોજાથી કૃષિ શ્રમિકો ભારે હાલાકી અનુભવે છે. ગ્રામ્યવિસ્તારોમાં ઠેરઠેર તાપણા કરી ગ્રામજનો ઠંડી સામે રાહત મેળવે છે. ગ્રામવિસ્તારના ઝુંપડાવાસીઓની સ્થિતિ પણ ચિંતાજનક બનતી જાય છે. આમ ઠંડીના મોજાથી સમગ્ર જનજીવન ખોરવાતુ જાય છે. ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં પણ ઠંડીની ઘેરી અસર છે. સરકારી કચેરીઓ અને શાળાઓમાં સૌ કોઈ ગરમ કપડાંમાં સજજ થઈ ફરજ પર આવે છે. ગરમ વસ્ત્રોનું બજાર પણ ઠંડીના કારણે તેજીમાં છે.

લોખંડી સુરક્ષા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૧૩ જાન્યુઆરી સુધી લોખંડી સુરક્ષા વ્યવસ્થા તૈનાત કરી દેવામાં આવશે. બંદોબસ્તનું સંપુર્ણ સુપરવિઝન આઈ.પી.એસ. અધિકારીઓ દ્વારા કરવામાં આવશે. ૩ આઈ.જી.પી., ૨ ડી.આઈ.જી., ૧૦ એસ.પી., ૨૦ ડી.વાય.એસ.પી, ૯૦ પી.આઈ., ૩૫૦ પી.એસ.આઈ., ૨૫૦ મહિલા પોલીસ, ૪૦૦ ટ્રાફીક પોલીસ અને ૨૦૦૦ પોલીસ ઉપરાંત ૧૦ લોકલ ડીસ્પોઝલ સ્કવોર્ડ, ૯ ક્વીક રીસ્પોન્સ ટીમ, ૧૨ માઉન્ટેડ પોલીસ, ૪૦ કમાન્ડો, ૧ મહિલા એસ.આર.પી. કંપની, ૬ એસ.આર.પી. કંપની તથા ચેતક કમાન્ડો ફોર્સના ૧૦૦ જવાનો બંદોબસ્તમાં તૈનાત રહેશે.

ઘી મામલે... ● પાના નં. ૫નું ચાલુ

ભદોરીયાએ બાતમી આધારે એક ગોડાઉન પર દરોડો પાડ્યો હતો. આ દરોડામાં ગોડઉનમાં વિવિધ વહેપારીઓ દ્વારા વેચાણ અર્થે રખાયેલ ગંગોત્રી, યશોદા, ક્રિષ્ના ભોગ, ગગન, સ્વાદ સહીતનો જુદા-જુદા માર્કાના ૫૦૦ ગ્રામ અને ૧ કીલોના ૮૪ જેટલા કાર્ટુન અને યશોદા બ્રાન્ડના ૧૫ કીલોના ૫ તેમજ અન્ય બ્રાન્ડ વગરના ૧૦ ટીન જપ્ત કરી કુલ રૂા. ૪,૯૯,૨૦૦નો મુદ્દામાલ શંકા આધારે જપ્ત કર્યો હતો. જે બાદ શુધ્ધતાના દાવા સાથે મુક્ત બજારમાં વેચાતુ આ ઘી શુધ્ધ છે કે અશુધ્ધ તેની ચકાસણી કરવા પોલીસે તમામના સેમ્પલ લઈ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીમાં મોકલ્યા હતાં. જેનો રીપોર્ટ જાહેર થતા આ ઘીનો જથ્થો ભેળ-સેળ યુક્ત અને અખાધ્ય હોવાનું બહાર આવેલ છે. જેથી આ ઘીના તમામ માલીકો પર હવે પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે. જેનાંથી ભારે ચકચાર ફેલાયેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ડીસા શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારો તેમજ ચંડીસર જી.આઈ.ડી.સી. વિસ્તારમાં હાલ પણ અનેક નાની-મોટી ફેક્ટરીઓમાં બ્રાંન્ડેડ નામના શુધ્ધઘીના નામે અશુધ્ધઘી બનાવાયી રહ્યું છે. જેનાથી જન આરોગ્ય જોખમાયુ છે. તંત્ર આ બાબતે જાહેર હીતાર્થે કડક કાર્યવાહી કરે તેવી જન માંગ છે.

શબ્દાવલી - ૪૯૪૨



આડી ચાવી

૧. શિક્ષણ-ઉપદેશ વગેરેની મન ઉપર પડતી છાપ (૩)
૩. મડદુ (૨)
૪. પૈસા કે પૈસાદાર (૪)
૫. બડાઈખર, મોટી મોટી વાતો કરનાર (૫)
૮. અભિનેતા રાજકુમારનો તકિયા કલામ શબ્દ (૨)
૧૦. બાધા-આખડી (૩)
૧૧. ગણેશજીનું વાહન (૩)
૧૨. માણસાઈ (૪)
૧૩. મા-જનની (૨)
૧૪. ધંધો-વ્યાપાર (૪)
૧૭. ધનુષ્યની દોરી (૩)
૧૮. 'કાળ' શબ્દ ઊંધો (૩)
૧૯. અંકુર, નવું પાન ઉગે તે (૩)
૨૦. એક શાક (૨)

ઊભી ચાવી

૧. સભ્યતા, સુધારો (૩)
૨. હવાતિયા, ફાંફા (૩)
૩. મર્યાદા, આબરૂ (૪)
૪. તમે આવ્યા ત્યારે અમે કામ... કરવાની ક્રિયા (૪)
૬. સરખામણું (૪)
૭. માણસ (૩)
૯. પાણી, જળ (૨)
૧૧. ઘરની શરૂઆત, ઉંમરો (૩)
૧૨. મમ્મીના ભાઈ (૨)
૧૪. કછોટો (૩)
૧૫. છોકરાઓ, ભ